# ફિફા વર્લ્ડકપ 2026નો રંગારંગ ઉદ્દઘાટન સમારોહ સાથે પ્રારંભ, શકીરાના પરફોર્મન્સે મન મોહ્યું






» ફૂટબોલ જગતના સૌથી મોટા મહાકુંભ ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ની શરૂઆત મેક્સિકોના મેક્સિકો સિટી સ્થિત ઐતિહાસિક 'એસ્ટાદિયો અઝટેકા' ખાતે ભવ્ય ઓપનિંગ સેરેમની સાથે થઈ ગઈ છે. મેક્સિકો સિટીમાં યોજાયેલી પ્રથમ ઓપનિંગ સેરેમનીમાં પોપ સ્ટાર શાકીરા અને નાઇજીરિયન સિંગર બર્ના બોયએ આ વર્ષનું સત્તાવાર ટૂર્નામેન્ટ સિંગલ દાઈ દાઈ લાઈવ પર્ફોર્મ કર્યું હતું. શકીરાના પર્ફોર્મન્સના અંત સાથે, મેક્સિકો સિટી ઉપર હવામાં છોડાયેલા ધુમાડાના બોમ્બમાંથી મેક્સીકન ધ્વજના રંગોનું પ્રતિનિધિત્વ કરતાં લાલ, સફેદ અને લીલો ધુમાડો નીકળ્યો. 2026 વર્લ્ડકપ ઉદ્દઘાટન સમારોહ અનેક શાનદાર પ્રદર્શન સાથે શરૂ થયો. સ્ટેજ પર વાગતા સંગીત પર નર્તકોના એક જૂથે નૃત્ય કર્યું. મેદાનની મધ્યમાં વર્લ્ડ કપ ટ્રોફીનું એક મોટું મોડેલ પણ મૂકવામાં આવ્યું હતું.

## રિયાન પરાગના ખભાની સર્જરી, સ્થાનિક સિઝનમાં પ્રારંભે નહીં રમે



મુંબઈ, તા. 11 (પીટીઆઇ) રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગના જમણા ખભા પર આજે ગુરુવારે સર્જરી કરવામાં આવી. આઇપીએલ 2026 સીઝનમાં ફ્રેન્ચાઇઝીને પ્લેઓફમાં લઈ જનાર પરાગની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં ડો. દિનશા પારડીવાલાની દેખરેખ હેઠળ સર્જરી કરવામાં આવી. તે ઓગસ્ટના ત્રીજા અઠવાડિયામાં દુલીપ ટ્રોફીથી શરૂ થનારા 2026-27 સ્થાનિક સિઝનના પ્રારંભિક ભાગને ચૂકી જાય તેવી શક્યતા છે.

## ઓસ્ટ્રેલિયન ઓપન : સિંધુ અને તન્વી ક્વાર્ટર ફાઇનલમાં

સિડની, તા. 11 (પીટીઆઈ) : ભારતની સ્ટાર મહિલા શટલર પીવી સિંધુ અને યુવા તન્વી શર્માએ આજે ગુરુવારે અહીં તેમના વિરોધીઓને સીધી ગેમમાં હરાવીને ઓસ્ટ્રેલિયન ઓપન સુપર 500 બેડમિન્ટન ટુર્નામેન્ટની મહિલા સિંગલ્સ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ત્રીજી ક્રમાંકિત સિંધુએ રાઉન્ડ ઓફ 16 મેચમાં ભારતની જ ઈશારાની બરુઆને 42 મિનિટમાં 22-20, 21-12થી હરાવી. બુધવારે પાંચમી ક્રમાંકિત અને વિશ્વની 11મી ક્રમાંકિત ચ્યુ પિન ચિએનને હરાવનાર તન્વીએ ભારતની જ માલવિકા બંસોડને 21-13, 21-15થી હરાવીને પોતાનું પ્રભાવશાળી ફોર્મ ચાલુ રાખ્યું.

## એશિયન ગેમ્સ: મનુ ભાકર બે પિસ્તોલ ઇવેન્ટમાં ભાગ લેશે

નવી દિલ્હી, તા. 11 : ઓલિમ્પિક્સ મેડલિસ્ટ મનુ ભાકર આગામી એશિયન ગેમ્સમાં બે ઇવેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે, જ્યારે પુરુષોની 25 મીટર રેપિડ ફાયર પિસ્તોલ કેટેગરીમાં ફક્ત અનિશ ભાનવાલા ભારતીય ટીમનો ભાગ હશે. નેશનલ રાઇફલ એસોસિએશન ઓફ ઇન્ડિયાએ ગુરુવારે એશિયન ગેમ્સ માટે 30 સભ્યોની ભારતીય શૂટિંગ ટીમની જાહેરાત કરી.
મનુને ટોચના સ્તરે તેની સિદ્ધિઓના આધારે 10 મીટર એર પિસ્તોલ ટીમમાં સામેલ કરવામાં આવી હતી, જોકે તે ફેડરેશન દ્વારા આયોજિત ટ્રાયલ્સમાં સાતમા સ્થાને રહી હતી. 25 મીટર પિસ્તોલ ટ્રાયલ્સમાં બીજા સ્થાને રહીને તેણે આ કેટેગરી માટે ટીમમાં સ્થાન મેળવી લીધું હતું. 25 મીટર રેપિડ ફાયર પિસ્તોલ ટીમમાં ફક્ત અનિશ ભાનવાલા જ છે. ફેડરેશને ક્વોટા ભરવા માટે બે વધારાના શૂટર્સનો સમાવેશ કરવાનો ઇનકાર કર્યો હતો, અને ફક્ત મેડલના દાવેદારોની પસંદગી કરવામાં આવી છે.

## મહિલા ટી-20 વર્લ્ડકપ આજથી : પહેલી મેચ ઇંગ્લેન્ડ-શ્રીલંકા વચ્ચે

**ભારત**, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાની ટીમો ઓસ્ટ્રેલિયાના પરંપરાગત દબદબાને પડકારશે તેવી અપેક્ષા

**રાત્રે** 11 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



બર્મિંઘમ, તા. 11 : પહેલા કરતાં વધુ મોટો અને વધુ સ્પર્ધાત્મક બનેલો મહિલા ટી-20 વર્લ્ડકપ આવતીકાલે શુક્રવારથી ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચેની મેચથી અહીં શરૂ થઈ રહ્યો છે. આ ટૂર્નામેન્ટમાં સતત મજબૂત થઈ રહેલી ભારત, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાની ટીમો ઓસ્ટ્રેલિયાના પરંપરાગત દબદબાને પડકારશે તેવી અપેક્ષા છે.

છેલ્લી નવમાંથી છ ટૂર્નામેન્ટ જીતનાર ઓસ્ટ્રેલિયાની ટીમ વર્તમાન ચેમ્પિયન ન્યૂઝીલેન્ડને હરાવીને સાતમું ટાઈટલ જીતવા આતુર હશે, પરંતુ હવે તેમના માટે આ જીત એટલી સરળ નહીં હોય. ન્યૂઝીલેન્ડ પોતે એક મજબૂત ટીમ છે. આ સિવાય ભારતીય ટીમ પણ મેદાનમાં છે, જેણે ગયા વર્ષે જ 50-ઓવરના વર્લ્ડ કપમાં પોતાનું પ્રથમ વૈશ્વિક ટાઈટલ જીત્યું હતું. ઈંગ્લેન્ડની ટીમ પોતાની ઘરઆંગણેની પરિસ્થિતિઓમાં હંમેશાની જેમ મજબૂત છે, અને છેલ્લી ત્રણ ICC ઈવેન્ટ્સની ફાઈનલિસ્ટ રહેલી દક્ષિણ આફ્રિકાની ટીમને પણ નબળી ન ગણી શકાય. આ સંદર્ભમાં, ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચેની મેચથી શરૂ થઈ રહેલો આ વર્લ્ડકપ અત્યાર સુધીનો સૌથી રોમાંચક સાબિત થશે. 2009ની પ્રથમ આવૃત્તિ પછી યુકેમાં યોજાનારો આ પહેલો વર્લ્ડકપ છે.

આ ટૂર્નામેન્ટ ભાગ લેનારી ટીમોની સંખ્યાની દ્રષ્ટિએ પણ સૌથી મોટી છે. 2024થી આયર્લેન્ડ અને નેધરલેન્ડ્સનો સમાવેશ થતાં હવે કુલ 12 ટીમો ભાગ લઈ રહી છે. આ વધારો દર્શાવે છે કે મહિલા ક્રિકેટ વિવિધ દેશોમાં મજબૂત પકડ બનાવી રહ્યું છે. તેનાથી પણ વધુ આનંદની વાત એ છે કે હવે તમામ ટીમો વચ્ચે સમાન સ્પર્ધા જોવા મળી રહી છે અને નવી, રોમાંચક પ્રતિભાઓ સામે આવી રહી છે.

# ફિફા પ્રમુખે વર્લ્ડકપની મોંઘી ટિકિટનો બચાવ કર્યો

**જો** અમે સસ્તા ભાવે ટિકિટ વેચી હોત, તો આ કાળાબજાર થયા હોત : ગિઆની ઇન્ફેન્ટિનો

મેક્સિકો સિટી, તા. 11 : ફિફાના પ્રમુખ ગિઆની ઈન્ફેન્ટિનોએ બુધવારે વર્લ્ડકપની ટિકિટોના રેકોર્ડબ્રેક ભાવોનો બચાવ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, જો અમે કંઈક ખોટું કરી રહ્યા છીએ, તો ઉત્તર અમેરિકામાં ટિકિટ વેચતી દરેક સંસ્થા પણ કદાચ ખોટું જ કરી રહી છે. 48 દેશો અને 104 મેચોના આ વિશાળ વર્લ્ડ કપની શરૂઆતની મેચના આગલા દિવસે પત્રકારો સાથે વાતચીત કરતા ઈન્ફેન્ટિનોએ આ વાત કહી હતી. તેમણે સોમાલિયાના એક રેફરીને અમેરિકામાં પ્રવેશ ન મળવા અંગે લાચારી દર્શાવી હતી અને સાથે જ અમેરિકા સાથે તણાવ હોવા છતાં ઈરાનની ફૂટબોલ ટીમને અમેરિકા લાવવામાં મળેલી સફળતાના વખાણ કર્યા હતા. ફિફાએ ગ્રૂપ સ્ટેજની મેચો માટે ટિકિટની શરૂઆતની કિંમત 140 યુએસ ડોલરરાખી છે. પરંતુ 19 જુલાઈએ ન્યૂયોર્કની બહાર રમાનારી ફાઈનલ મેચ માટે સામાન્ય સીટની કિંમત 8,680 ડોલર સુધી અને હોસ્પિટાલિટી સીટના ભાવ 73,200 ડોલર સુધી પહોંચી ગયા છે. ફિફાએ ફાઈનલના ભાવ વધારીને 10,990 ડોલર અને ત્યારબાદ 32,970 ડોલર સુધી પણ કર્યા હતા. ભાવવધારા પાછળ તર્ક આપતા તેમણે કહ્યું કે, જો અમે સસ્તા ભાવે ટિકિટ વેચી હોત, તો આ કાળાબજાર થયા હોત અને ટિકિટો ખૂબ જ ઊંચા ભાવે વેચાઈ હોત. તો પછી એ પૈસા ફૂટબોલના વિકાસના બદલે બ્લેક માર્કેટ કરનારાઓ પાસે ચાલ્યા ગયા હોત.ઈન્ફેન્ટિનોએ દાવો કર્યો કે સરેરાશ ટિકિટનો ભાવ 500 ડોલરથી ઓછો છે જે અમેરિકાની અન્ય મોટી રમતોની પ્લેઓફ મેચો જેવો જ છે.

### સોમાલિયાના રેફરીને એન્ટ્રી ન મળવા પર 'શાંત રહેવા'ની ઇન્ફેન્ટિનોની સલાહ

સોમાલિયાના રેફરી ઓમર આર્તાનને અમેરિકામાં પ્રવેશ ન મળવા અંગે ઇન્ફેન્ટિનોએ ખેદ વ્યક્ત કર્યો હતો, પરંતુ સાથે જ કહ્યું કે, બધું અમારા નિયંત્રણમાં નથી હોતું. અમે પ્રયત્ન કરીએ છીએ. ક્યારેક બૂમો પાડવાને બદલે શાંત રહીને આરામથી વિચારવું વધુ સારું છે. અમે દુનિયાના રાજા નથી કે સરકારો કે પોલીસ દળો પર શાસન ચલાવી શકીએ. સુરક્ષાના કારણોસર યુએસ કસ્ટમ્સ વિભાગે રેફરીને મિયામી એરપોર્ટ પરથી પાછા મોકલી દીધા હતા.

## મોરોક્કોના એઝાલઝૌલી અને અગુર્ડ ઈજાના કારણે વર્લ્ડકપમાંથી બહાર



બાસ્કિંગ રીજ (ન્યુ જર્સી), તા. 11 : બ્રાઝિલ સામેની તેની પ્રથમ મેચ પહેલા મોરોક્કોની ટીમે ઈજાગ્રસ્ત થયેલા બે ખેલાડીઓની જગ્યાએ અન્ય ખેલાડીઓનો ટીમમાં સમાવેશ કર્યો છે. બહાર થયેલા ખેલાડીઓમાં ટીમના સ્ટાર વિંગર અબ્દે એઝાલઝૌલી પણ સામેલ છે.ફિફાએ બુધવારે મોડી રાત્રે પુષ્ટિ કરી હતી કે બાર્સેલોનાના માજી ખેલાડી એઝાલઝૌલી અને માર્સેલીના ડિફેન્ડર નાયેફ અગુર્ડને ટૂર્નામેન્ટ માટે મોરોક્કોની ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે. આ બંને ખેલાડીઓની જગ્યાએ ફ્રેન્ચ ક્લબ એન્જર્સના અમીન સબાઈ અને સાઉદી અરેબિયાની અલ ફતેહ ક્લબ તરફથી રમતા મારવાને સાદાનેનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## નાઇજીરીયા સામે પોર્ટુગલ વોર્મ-અપ મેચ જીત્યું, રોનાલ્ડોએ મોટી તકો ગુમાવી



**રોનાલ્ડો** બંને હાફમાં માત્ર ગોલકીપર સામે હોવા છતાં ગોલ કરવાની સીધી તક ચૂક્યો

લેઈરિયા: પોર્ટુગલની ટીમ ફીફા વર્લ્ડકપમાં જતા પહેલા અહીં રમાયેલી નાઈજીરીયા સામેની વોર્મઅપ મેચ ૨-૧ થી જીતી ગઈ, પરંતુ તેમના સ્ટાર સ્ટ્રાઈકર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો માટે આ મેચ થોડી નિરાશાજનક રહી હતી.

ઈન્ટરનેશનલ ફૂટબોલમાં સૌથી વધુ 143 ગોલ કરવાનો રેકોર્ડ ધરાવતો 41 વર્ષીય રોનાલ્ડો બુધવારે લેઈરિયામાં રમાયેલી આ મેચમાં પોતાના આ રેકોર્ડમાં વધારો કરી શક્યો નહોતો. બંને હાફમાં માત્ર ગોલકીપર સામે હોવા છતાં તેઓ ગોલ કરવાની સ્પષ્ટ તકો ચૂક્યો હતો. પાંચ વખત વિશ્વના સર્વશ્રેષ્ઠ ખેલાડી રહી ચૂકેલા રોનાલ્ડોને પોર્ટુગલના અન્ય શરૂઆતી ખેલાડીઓ કરતાં મેદાન પર વધુ સમય આપવામાં આવ્યો હતો, અને આખરે 65મી મિનિટે તેને બદલીને બીજા ખેલાડીને મેદાન પર લાવવામાં આવ્યો હતો.પોર્ટુગલ વતી સબસ્ટિટ્યુટ તરીકે આવેલા 11 ખેલાડીઓમાંથી એક, ફ્રાન્સિસ્કો કોન્સેઈકાઓએ 75મી મિનિટે જમણી બાજુથી અંદર આવીને શાનદાર કિક મારી ગોલ કર્યો અને પોર્ટુગલને જીત અપાવી હતી.

## બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયા સામે પહેલીવાર વન-ડે સીરિઝ જીતી ઈતિહાસ રચ્યો

**ત્રણ** મેચની સીરિઝમાં બાંગ્લાદેશે 2-0ની અજેય સરસાઇ મેળવી

**બીજી** મેચમાં ઓસ્ટ્રેલિયાએ શૂન્ય રને ત્રણ વિકેટ ગુમાવી, વન ડે ઇતિહાસમાં આવું માત્ર ચોથીવાર બન્યું

મીરપુર, તા. 11 : ઓસ્ટ્રેલિયાના બાંગ્લાદેશ પ્રવાસની આજે ગુરુવારે અહીં રમાયેલી વન ડે સીરિઝની વરસાદથી પ્રભાવિત બીજી મેચમાં DLS પદ્ધતિના આધારે બાંગ્લાદેશે જીત મેળવીને ઓસ્ટ્રેલિયા સામે 3 મેચોની સીરિઝમાં 2-0ની અજેય સરસાઈ મેળવીને સીરિઝ જીત પાકી કરીને નવો ઈતિહાસ રચ્યો છે.

મેચ દરમિયાન અઢી કલાક સુધી વરસાદ પડ્યો હતો, જેથી બાંગ્લાદેશને 41 ઓવરમાં 192 રનનો સુધારેલો ટાર્ગેટ મળ્યો હતો. બાંગ્લાદેશે 6 ઓવર બાકી રાખીને 5 વિકેટે 195 રન બનાવીને મેચ જીતી હતી. ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ટીમનું ખાતું ખૂલે તે પહેલા જ તેમણે 3 વિકેટ ગુમાવી દીધી હતી. વન-ડે ક્રિકેટના ઈતિહાસમાં આવું માત્ર ચોથી વખત બન્યું છે

## વન ડે વર્લ્ડકપ 2027 ચોથી ઓક્ટોબરથી શરૂ થવાની સંભાવના

નવી દિલ્હી, તા. 11 : દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયાની સંયુક્ત યજમાનીમાં યોજાનારો 2027નો વન ડે વર્લ્ડકપ ચોથી ઓક્ટોબરથી 21 નવેમ્બર દરમિયાન રમાવાની સંભાવના છે. અમદાવાદમાં 31 મેના રોજ મળેલી આઇસીસીની બેઠકમાં ટુર્નામેન્ટના સમયપત્રક પર ચર્ચા કરવામાં આવી હતી. એક અહેવાલ અનુસાર, 2027 વર્લ્ડ કપ 4 ઓક્ટોબરથી શરૂ થશે, જેની ફાઇનલ 21 નવેમ્બરે યોજાશે. આઇસીસીની વાર્ષિક સામાન્ય સભા આ વર્ષે જુલાઈમાં યોજાશે, જ્યાં અંતિમ સમયપત્રક નક્કી કરવામાં આવશે.

# વિમ્બલડન પ્રાઇઝ મનીમાં 20%નો વધારો : વિજેતાઓને મળશે રૂ. 46 કરોડ

**ફ્રેન્ચ** ઓપનમાં ખેલાડીઓ દ્વારા થયેલા વિરોધ બાદ વિમ્બલડનની ઈનામી રકમમાં મોટો વધારો કરવામાં આવ્યો

**વિમ્બલડનમાં** હવે સિંગલ્સ વિજેતાઓને ભથ્થા સહિત કુલ 85.8 મિલિયન ડોલર અર્થાત રૂ. 821.5 કરોડ થશે

લંડન, તા. 11 (AP) : ખેલાડીઓ દ્વારા કમાણીમાં મોટો હિસ્સો આપવાની માગ વચ્ચે, વિમ્બલડને ગુરુવારે કુલ પ્રાઇઝ મની અને સિંગલ્સ ચેમ્પિયન્સની રકમમાં ૨૦% વધારાની જાહેરાત કરી છે. આવતા મહિને યોજાનારી આ ગ્રાસ-કોર્ટ ગ્રાન્ડ સ્લેમના સિંગલ્સ વિજેતાઓને ૩૬ લાખ પાઉન્ડ એટલે કે ૪૮ લાખ ડૉલર અર્થાત અંજાજે રૂ. ૪૬ કરોડ મળશે.

ખેલાડીઓના દૈનિક ભથ્થા સહિત કુલ પ્રાઇઝ મની 6.42 કરોડ પાઉન્ડ એટલે કે 8.58 કરોડ ડૉલર અર્થાત આશકે રૂ. 821.5 રહેશે. ટૂર્નામેન્ટના ઈતિહાસમાં આ અત્યાર સુધીનો સૌથી મોટો વાર્ષિક વધારો માનવામાં આવે છે. ઓલ ઈંગ્લેન્ડ ક્લબના અધ્યક્ષ ડેબોરાહ જેવન્સે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે હું આશા રાખું છું કે ખેલાડીઓ આ નિર્ણયને આવકારશે. આ એક બહુ મોટી રકમ છે. અમે ક્વોલિફાઈંગ રાઉન્ડ સહિત દરેક રાઉન્ડની રકમ પર ધ્યાન આપ્યું છે. મારી આશા છે કે ખેલાડીઓ આ મોટા વધારાની કદર કરશે.



### વિમ્બલડનમાં ઇનામોની વહેંચણી

**પ્રથમ રાઉન્ડના વિજેતાની રકમ :** આ વર્ષે પ્રથમ રાઉન્ડમાં જ બહાર થનાર ખેલાડીને પણ 80,000 પાઉન્ડ એટલે કે 107000 ડોલર આશરે રૂ. 1.02 કરોડ મળશે, જે 2024ની સરખામણીએ 21% વધુ છે.

**ક્વોલિફાઈંગ રાઉન્ડ :** આ રાઉન્ડની કુલ ઇનામી રકમમાં 25% નો વધારો કરવામાં આવ્યો છે.

**રનર્સ-અપ :** મેન્સ અને વિમેન્સ સિંગલ્સના રનર્સ-અપને 18 લાખ પાઉન્ડ એટલે કે 24 લાખ ડોલર આશરે રૂ. ૨૩ કરોડ મળશે, જે ગયા વર્ષ કરતાં 18% વધુ છે.

## DLS પદ્ધતિથી અફઘાનિસ્તાન-A ટીમે ભારતને ચાર રનથી હરાવ્યું

**અફઘાનિસ્તાનની** યુવા ટીમે ભારતની સ્ટાર ખેલાડીઓની હાજરીવાળી ટીમને હરાવી અપસેટ કર્યો

દામ્બુલા, તા. 11 (પીટીઆઈ) : ત્રિકોણીય વન ડે સીરિઝની આજે ગુરુવારે અહીં રમાયેલી વરસાદથી પ્રભાવિત મેચમાં અફઘાનિસ્તાન-એની યુવા ટીમે સ્ટાર ખેલાડીઓ ધરાવતી ભારત-એ ટીમને ડકવર્થ-લુઈસ સિસ્ટમના આધારે ચાર રને હરાવીને મોટો અપસેટ સર્જ્યો. પ્રથમ બેટિંગ કરતા, ભારતે કેપ્ટન તિલક વર્મા, વાઈસ કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ અને ઓપનર પ્રભસિમરન સિંહની અડધી સદીની મદદથી નવ વિકેટે 349 રન બનાવ્યા હતા. વારંવાર વરસાદના વિક્ષેપ પછી, અફઘાનિસ્તાન Aને 38 ઓવરમાં 294 રનનો સુધારેલો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. કેપ્ટન ઈમરાન અને હસન ઈસાખિલે અફઘાનિસ્તાનને આક્રમક શરૂઆત અપાવી. 52 બોલમાં 51 કરનારા બહીર શાહે ઈમરાન સાથે મળીને ટીમને 25.5 ઓવરમાં 2 વિકેટે 177 રન સુધી પહોંચાડી દીધી જ્યારે ફરીથી વરસાદ શરૂ થયો. તે સમયે, અફઘાનિસ્તાન ડકવર્થ લુઈસ સિસ્ટમના આધારે લક્ષ્યથી ચાર રન આગળ હતું.

## રાહુલ દ્રવિડના પુત્ર અન્વયનો ભારતની અંડર-19 ટીમમાં સમાવેશ

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ) : ભારતીય ટીમના માજી દિગ્ગજ બેટ્સમેન અને માજી કોચ રાહુલ દ્રવિડના નાના પુત્ર અન્વય દ્રવિડની આજે ગુરુવારે ચાર જુલાઈથી શરૂ થનારા શ્રીલંકા પ્રવાસ માટે ભારતની અંડર-19 ટીમમાં પસંદગી કરવામાં આવી છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ની જુનિયર ક્રિકેટ સમિતિએ ત્રણ વન ડે અને બે મલ્ટિ ડે મેચ માટે શ્રીલંકાના આગામી પ્રવાસ માટે ભારતની પુરુષોની અંડર-19 ટીમની જાહેરાત કરી છે. ટીમનું નેતૃત્વ યશવર્ધન સિંહ ચૌહાણ કરશે જ્યારે લક્ષ્ય રાયચંદાનીને ઉપ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. દ્રવિડ જુનિયરને વન ડે ટીમમાં રજત બઘેલ સાથે બે વિકેટકીપિંગ વિકલ્પોમાંથી એક તરીકે પસંદ કરવામાં આવ્યો છે જ્યારે માનવ કૃષ્ણ અને આર્યન સંદેશ સકપાલને મલ્ટી-ડે મેચો માટે વિકેટકીપિંગ માટે પસંદ કરવામાં આવ્યા છે.

## આજનું પંચાંગ

**તા.12/06/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અધિક જેઠ
**તિથિ:** વદ: બારસ: 19:38
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જેઠ: 22
**યોગ :** અતિગંડ **કરણ:** કૌવલ
**નક્ષત્ર : અશ્વિની-06:29 પછી ભરણી**
**રાશિ:** મેષ (અ,લ,ઈ)
**દિવસ :** સામાન્ય- પ્રદોષ
**સુરતમાં સૂર્યોદય :** 05:57 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:19
**નવકારસી :** 06:45
**પારસી વર્ષ :** 1395 બાહમન માસનો બીજો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્હેજ માસનો 25મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે : 10:30 થી 12:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** તમારા નવા વેપાર-ધંધા માટેની યોજના પાર પડી શકે છે. શુભ સમાચાર મળે. આવક વધે. ધાર્મિક પ્રવાસ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** તમારી રોજની ક્રિયા પર અસર થાય. આરોગ્ય નરમ રહે. પરિવારની સમસ્યા સતાવે. કોઈની વાતોમાં આવવું નહી.

**મિથુન (ક,છ,ઘ,):** આવક વધારવાની યોજના બને. મિત્રો સાથે સામાજિક પ્રવૃત્તિ થાય. પરીક્ષામાં સફળતા મળે.

**કર્ક (ડ,હ,):** વડીલોનો સાથ મળે. વહીવટી ક્ષેત્રે સંકળાયેલને યશ મળે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી લાભ થાય.

**સિંહ (મ,ટ,):** વિચારો પર કાબૂ રાખવો. પરિવાર સાથે તાલમેળ રાખવો. જીવન સાથી સાથે ધાર્મિક પ્રવાસ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** કાળજીપૂર્વક રહેવું પડશે. જીવનસાથીના આરોગ્ય અને પોતાના પેટની સમસ્યા સતાવે. ખર્ચા વધશે.

**તુલા (ર,ત,):** ઈચ્છાપૂર્તિનો દિવસ છે. પરિવારનો સાથ મળે. નોકરી-ધંધામાં અનુકૂળતા વધે. જીવન સાથીનો સાથ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** ઉધાર લેવાનું ટાળવું. નોકરીમાં જવાબદારી વધે. હરીફોથી સાવધાન રહેવુ. સરકારી કામમાં સાવધાન.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પ્રેમમાં સાથ મળે. પણ સ્વાર્થીથી સાવધાન. શિક્ષણ, દલાલી, માર્કેટીંગ વગેરે કામમાં સફળતા મળે.

**મકર (ખ,જ,):** બૌદ્ધિક કાર્યમાં બુદ્ધિશાળી લોકોનો સાથ મળે. આધુનિક ટેકનોલોજીને લગતા કામમાં સફળતા મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** કાર્યસ્થળ પર નવાં ફેરફારથી નવી તક મળે. વહીવટી કાર્યમાં સફળતા મળે. આવક વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** શુભ સમાચાર મળે. આવક વધશે. પરિવારની સમસ્યાનું સમાધાન થાય.

### કોઈ પણ સાલમાં 12 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. ટેકનોલોજી તથા સરકારી નીતિ પ્રમાણે કામની જવાબદારી તથા કાર્યબોજ વધે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની અપેક્ષા વધે. નોકરી-ધંધા વગેરેમાં હરીફો પરેશાન કરે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. વધારાની આવકની યોજનામાં ચડતી-પડતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં ચડતી-પડતી રહે. કાયદાકીય ગૂંચ સતાવે. ઊંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. મહેનત વધે. વિદેશનો કામ ધીમાં પડે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સંતાનોના કામ-કેરીયર- અભ્યાસમાં પ્રગતિ થાય. વારસા, જાયદાત, જમીનની બાબતે વડીલોની મદદ મળે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી, માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બર, ગુરુ-શુક્રવાર, 3,12,21, 30 તારીખે નવા કામ કરવા, પીળો, જાંબલી, સોનેરી, રંગનો ઉપયોગ કરતાં રહેવું. જૂન-જુલાઈ, રવિ-બુધવાર 2,11,20,29 તારીખે નવાં કામ ટાળવા. લાલ, નીલો રંગ, ઓછો વાપરવશો. ગુરુવારના ઉપાય કરતા રહેવું.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | | ૪ | | ૧ | ૫ |
| ૯ | ૧ | ૪ | | ૨ | | ૩ | ૮ | ૭ |
| ૩ | | ૫ | | ૭ | | | | ૪ |
| | | ૩ | | | | | ૯ | ૨ |
| | | ૯ | | | | | ૪ | ૬ |
| | ૨ | ૮ | ૪ | ૯ | | | ૩ | |
| | | | | ૧ | | | | |
| ૨ | | ૬ | | | | | | |
| ૮ | | ૧ | ૬ | | | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### ખાંસી કફનો ભરાવો

સૌભાગ્ય પુષ્પ ચૂર્ણ અર્થાત્ ટંકણખાર, એક ચના પૂર હુંફાળા પાણીમાં આપવું.